**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

5 એપ્રિલ, 2021 /3563

**શ્રી રૂપવંત સિંઘ, IAS**
સેક્રેટરી (એક્સપેન્ડીચર) અને ડિરેક્ટર, GWIL
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (GWIL) ના પ્રશ્નો અંગે**

માનનીયશ્રી,

આપશ્રી વિદિત છો તેમ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ દ્વારા ઔદ્યોગિક એકમોને પાણી પૂરું પાડવા માટે આપવામાં આવતા કનેશનમાં 180 દિવસની રકમ સિકયુરિટી ડિપોઝિટ તરીકે લેવામાં આવે છે. આ ખુબ મોટી રકમ આખા ગુજરાતના ઉદ્યોગોની જમા છે જેની ઉપર કોઈ વ્યાજ આપવામાં આવતું નથી.

અન્ય સરકારી સંસ્થાઓ સિકયુરિટી ડિપોઝિટમાં બેંક ગેરંટી માન્ય ગણે છે અથવા સિકયુરિટી ડિપોઝિટનું વ્યાજ આપે છે. આ બાબતે અમોએ અગાઉ પણ GWILના ચેરમેનશ્રીને રજુઆત કરેલ છે જેની નકલ આ સાથે આપણી જાણ સારું બીડેલ છે.

હાલની ગંભીર આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે ડિપોઝિટની રકમ માટે બેંક ગેરંટી સ્વીકારવામાં આવી જોઈએ અથવા તે રકમ ઉપર વ્યાજ આપવું જોઈએ જેથી ઉદ્યોગો આ રકમ ધંધામાં વાપરી શકે અને હાલની નાણાકીય કટોકટીની સ્થિતિમાંથી બહાર આવવા મદદ મળી રહે.

આપના સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
**સેક્રેટરી જનરલ**

**બિડાણ:** ઉપર મુજબ

**નકલ રવાના: શ્રી ધનંજય દ્વિવેદી,** IAS, ચેરમેન, GWIL

**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

તા.24.12.2020/18361

પ્રતિ

**શ્રી ધનંજય દ્વિવેદી, IAS**
**ચેરમેન**
**GWIL**
**ગાંધીનગર**

માનનીય શ્રી
આપની કુશળતા ઇચ્છું છું.

આપશ્રીને વિદિત છો એમ વેપાર-ઉદ્યોગ ધીમે ધીમે ફરી પહેલાની જેમ કાર્યરત થઇ રહ્યા છે. હાલમાં ઉદ્યોગોને GWIL દ્વારા પાણી કનેક્શન માટે પાણીની ડિમાન્ડ છ મહિનાના વપરાશ મુજબ ડિપોઝિટ ભરાવવામાં આવે છે.

સાહેબ શ્રી આ અંતર્ગત અમે આપનું ધ્યાન દોરવા માગીએ છીએ કે અત્યારે ઉદ્યોગો ને નાણાભીડ ની સમસ્યા છે, ત્યારે જો અન્ય વિભાગો ની જેમ ડિપોઝિટ રકમ માટે બેંક ગેરંટી સ્વીકારવામાં આવે તો ઉદ્યોગોને સદર ડિપોઝિટ ની રકમ ધંધામાં વાપરી શકાય તો હાલ ની નાણાકીય કટોકટીની સ્થિતિ માં સહાયરૂપ થઇ શકે.

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખી અમારી આપ શ્રી ને વિનંતી છે કે ડિપોઝિટની રકમ માટે બેંક ગેરન્ટી સ્વીકારવામાં આવે.

**આભાર સહ**
**આપનો વિશ્વાસુ**

**યોગેન્દ્ર કુમાર ત્રિવેદી**
**સેક્રેટરી જનરલ**

નકલ રવાના: મયુર મહેતા, IAS,મેનેજિંગ ડાયરેક્ટર,GWIL